# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-01-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## પ્ર.મંત્રી વીડિયો કોન્ફરન્સથી-પ્રોપર્ટીકાર્ડ વિતરણ

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે વીડિયો કોન્ફરન્સ દ્વારા દસ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોના પચાસ હજારથી વધુ ગામડાઓમાં સ્વામીત્વ યોજના હેઠળ 65 લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરશે. આ યોજનાનો ઉદ્દેશ્ય અદ્યતન ડ્રોન ટેકનોલોજી સર્વે દ્વારા ઘરના ટાઇટલનો રેકોર્ડ પ્રદાન કરીને ગ્રામીણ ભારતના આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. આ યોજના મિલકત સંબંધિત વિવાદોનું નિરાકરણ લાવશે અને બેંક લોન દ્વારા સંસ્થાકીય ધિરાણને સરળ બનાવશે. અત્યાર સુધીમાં, ત્રણ લાખ 17 હજારથી વધુ ગામડાઓનો ડ્રોન સર્વે પૂર્ણ થઈ ગયો છે.**

---------------------------------------------------------------------------------------

## પ્ર.મંત્રી સ્મૃતિવન ઇ-પ્રોપર્ટીકાર્ડ વિતરણ

ગામતળમાં આવેલી મિલકતોના આધાર પ્રોપર્ટીકાર્ડ માટેની કામગીરી કચ્છના **863** ગામોમાં સ્વામિત્વ યોજના હેઠળ ચાલી રહી છે અને જિલ્લાના **3** તાલુકાના **12** ગામના પ્રોપર્ટીકાર્ડ બની જતાં આવતીકાલે બપોરે ભુજમાં સ્મૃતિવન ઓડિટોરીયમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ઇ-વિતરણનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં કલેક્ટર, સાંસદ, ધારાસભ્યો વગેરે હાજર રહેશે.

---------------------------------------------------------------------------------------

## ગાંધીધામ- સસ્તા અનાજની દુકાન પર કેવાયસી

ગાંધીધામ મામલતદાર કચેરીના પુરવઠા નાયબ મામલતદારના જણાવ્યા મુજબ ગાંધીધામ તાલુકાના શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં 54 વ્યાજબી ભાવની દુકાનો છે અને તમામને પીડીએસ પ્લસ એપ્લિકેશનમાં કેવાયસી અને આધાર લિંક સંબંધિત કામગીરી માટેની સતા આપવામાં આવી છે. જેથી હવે લોકોએ કેવાયસી અને આધાર લિંક સહિતની કામગીરી માટે કચેરીએ જવું નહીં પડે. આ કામગીરી હવે સસ્તા અનાજની દુકાન પર જ કરાવી શકાશે.

------------------------------------------------------------------------------------

## જી.કે. હોસ્પિટલ, ઓન્કો સર્જનની નિમણૂક

ભુજની અદાણી સંચાલિત જનરલ હોસ્પિટલમાં કેન્સરની સર્જરી માટે સુપર સ્પેશિયાલિસ્ટ તબીબની નિમણૂક કરાઇ છે. ભુજના જ ડો.હેત સોનીની ઓન્કો સર્જન તરીકે નિમણુક કરાતા કેન્સરના દર્દીઓ માટે આશીર્વાદ સમાન પુરવાર થશે.કેન્સર પીડિતોને ઘર આંગણે જ અન્નનળી, પેટ, આંતરડા, સ્વાદુપિંડ, કિડની, ગર્ભાશય, પેશાબ અને પેનિસ સંબંધી તમામ કેન્સરના ઓપરેશન જનરલ હોસ્પિટલમાં શક્ય બનશે. તેઓ મંગળ અને શુક્રવારે ઓપીડી જનરલ સર્જરીમાં મળશે.

------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિ. પરીક્ષા પરિણામ અંગે નવી એસઓપી

કચ્છ યુનિવર્સિટીની દ્વારા ઓકટોબર-2024 થી તમામ પરીક્ષામાં આરટીઆઈ/રી ચેકીંગ/રી-એસેસમેન્ટમાં નવી એસઓપી લાગુ કરાઈ છે. પરીક્ષા પરિણામ જાહેર થયા બાદ જે વિદ્યાર્થીને અસંતોષ હોય તેઓને ઓનલાઇન અરજી કરવાની રહેશે. હવે ઓનલાઇન અરજી કર્યાના 10 દિવસમાં વિદ્યાર્થીને રૂબરૂ ઓબ્ઝર્વેશન માટે બોલાવવામાં આવશે. વિદ્યાર્થીઓને ઉતરવહી દિઠ ઓનલાઈન રૂપિયા 100 ભરવાના રહેશે. રૂબરૂ ઓબ્ઝવેશનમાં વિદ્યાર્થીની સામે જ પેપર ખોલવામાં આવશે. ગણતરીમાં ક્યાંય ભૂલ હોય તો સુધરી જશે અને પેપર જોયા પછી પણ વિદ્યાર્થીને અસંતોષ જણાય તો તેવા કિસ્સામાં વિધાર્થી રૂબરૂ 200 રૂપિયા ફી ભરી રી એસેસમેન્ટની અરજી કરી શકશે. હાલે ધોરણ 10 અને 12 બોર્ડની પરીક્ષામાં આ પ્રમાણેની પદ્ધતિ અમલમાં છે ત્યારે યુનિવર્સિટી કક્ષાએ પણ આ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે.

---

## ઠંડી

જિલ્લામા છેલ્લા બે-ત્રણ દિવસથી હળવ પવનના કારણે ઠંડીની તીવ્રતામાં વધારો થયો છે. આજે નલિયામાં લઘુતમ તાપમાન 6 ડિગ્રી નોંધાતા તે રાજ્યનું સૌથી શીત મથક બન્યું છે. જ્યારે જિલ્લાન મુખ્ય મથક ભુજમાં લઘુતમ તાપમાન 11.4 ડિગ્રી નોંધાયું છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ કે દાસ ના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસ ગુજરાતનું વાતાવરણ શુષ્ક રહેશે તેની સાથે જ આગામી 48 કલાકમાં લઘુત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થશે જેથી ઠંડીમાંથી આંશિક રાહત મળવાની સંભાવના છે.

---

## ગાંધીધામ તાલુકાના ગામોમાં રવિપાકનું વાવેતર

ગાંધીધામ તાલુકાના શિણાય ગળપાદર,પડાણા, કિડાણા,અંતરજાળ સહિતના ગ્રામીણ વિસ્તારમાં કુલ 365 હેક્ટરમાં શિયાળુ પાકનું વાવેતર થયું છે જેમાં ઘઉં, રાય, જીરૂ,ધાણા,લસણ, ઇસબગુલ, વરિયાળી, ડુંગળી, મકાઈ, બાજરો અને શાકભાજી સહિતનું વાવેતર થયું છે. સૌથી વધુ વાવેતર શિણાય માં થયું છે. આ ઔદ્યોગિક સંકુલમાં દિન પ્રતિદિન ખેતીલાયક જમીન ઘટી રહી છે.તે વચ્ચે 365 હેક્ટરમાં આ શિયાળુ પાકનું વાવેતર થયું છે તેમાં પણ સૌથી વધુ ઘાસચારો અને ઘઉં વાવેતર છે. શિણાય સહિતના ગ્રામીણ વિસ્તારમાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ પણ વળી ગાય આધારિત ખેતી કરી રહ્યા છે પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે તેનું પરિણામ પણ સારૂ મળી રહ્યું છે.

---

## એલએલડીસી વિન્ટર ફેસ્ટિવલ

અજરખપુર સ્થિત એલ.એલ.ડી.સી. દ્વારા દર વર્ષની જેમ તા.19 થી 23 જાન્યુઆરી સુધી વિન્ટર ફેસ્ટિવલ યોજાશે. આ પાંચ દિવસ સુધી દરરોજ સાંજે 4 થી રાત્રિના 10 વાગ્યા સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે.

---